# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૯૮ • તા.૨૬ માર્ચ થી ૦૧ એપ્રિલ ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના ઉપક્રમે

# લોનાવાલા ખાતે રાઈટ મેચ તથા યંગ બ્રિગેડ ગેટ ટુ ગેધર યોજાયો

Diamond manufacturers,
Exporter’s & Importer’s
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


**અમારી વાત...** **સંપાદક સ્થાનેથી**

# જીવનમાં અવનવા રંગો ભરતા અનેકવિધ તહેવારો

ભારત દેશ વિવિધ ઉત્સવ તહેવારોનો ગુચ્છો છે. જેમાં દરેક ધર્મ, સંપ્રદાય વિવિધ દેવ-દેવીઓ, એટલું જ નહીં સૂર્ય, ચંદ્ર, ગાય, સર્પને લગતા તહેવારો ઉજવાતા રહે છે. વિદેશમાં નાતાલ, ન્યૂ યર જેવા ઈન મીન સાડે તીન તહેવારો ગણીને છે. તો માતા-પિતા, ભાઈ-બહેન, મિત્ર વિગેરે માટે મુકરર દિવસ હોય જે દિવસે જે તે સંબંધોની યાદ કરી તેમની ગુણ ગાથા ગાઈ લીધી કે ઉજવણી પૂરી થઈ.

આની સરખામણીમાં આપણો દેશ વિવિધ તહેવારો, ઉત્સવોની ઉજવણીમાં મગ્ન રહેતો દેશ છે. વિવિધ ધર્મના ઉત્સવો ક્રમશ ઉજવવાને લીધે નાના, મોટા વેપારીઓને પણ તેમના જોગનો ધંધો મળી રહે છે. એક ધારા ચાલતા જીવનમાં નવીન થાય, હર કોઈ દિવસ અલગ રીતે ઉજવાય તો એક નવો માહોલ મળે, એક ઉત્સાહવર્ધક વાતાવરણ સર્જાય છે. જે પછી ના અનેક દિવસો આનંદ ઉમંગ ભર્યા રહેતા હોય છે. રોજ રોજ ખારું, ખાટું, કડવું ભોજન પછી મીઠો મધૂર આહાર માણવાની મજા અલગ હોય છે. દુઃખ દર્દ, શોકની લાગણીઓ વચ્ચે સુખનો માહોલ જીવનમાં મેઘધનુષ જેવા રંગો સર્જે છે. જે અદમ્ય ઉત્સાહની લહેર સર્જે છે.

આપણી ભારતીય સંસ્કૃતિના વરસ દરમ્યાન આવતા તહેવારો આપણા જીવનમાં નવીન ઉત્સાહ આનંદ અને ખુશાલીના ફૂલ ગુચ્ચા છે. જે આપણા પરિવારો મિત્રો આપણા સહ કર્મચારીઓ, આપણા પોતાના વ્યાપાર ધંધાના સહયોગી સાથેનો નાતો વધુ મજબૂત બનાવે છે. જેમ દર સપ્તાહના સોમથી શનિ સુધીના રૂટિન પછી રવિવારની રજા આવનાર બીજા સપ્તાહ માટેનો ઉત્સાહ સાથે શક્તિ માટે બૂસ્ટરનું કામ કરે છે. વરસની ત્રણ મોસમ ઠંડી, ગરમી અને વર્ષા. તેની છ ઋતુ શરદ, હેમંત, શિશિર, વસંત, ગ્રીષ્મ, વર્ષા. એ બધાને સાંકળતા અલગ અલગ જાતભાતના ઉત્સવો આ ઋતુમાં પાકતા ધાન્ય, ફળ, ફૂલોને લીધે એક નવો માહોલ આપણને આપે છે. ક્ષુલ્લક કારણો સાથે તહેવારો જોડવામાં આવે તો લોકો એનો અમલ ન પણ કરે, પણ કોઈ ધાર્મિક માન્યતા, કે દેવ દેવી સંસ્કૃતિને જોડીને તહેવારો ઉજવાયતો પરિવારના નાનાથી મોટા એમાં ઉત્સાહ આનંદ અને ઉમંગથી રૂઢિગત માન્યતાઓને આદર આપીને સંકળાય છે. ભારતીય સંસ્કૃતિની મોટી ઉપલબ્ધિ તેના ઉજવાતા વિવિધ તહેવારો છે. ગમીગીની ઉત્સાહ, સવાર સાંજ, દિવસ રાત, તડકો છાંયડો, આ બધાનું મિશ્રણ જીવનમાં નવા રંગો નવો માહોલ સર્જે છે. નાના મોટા, બાળકો વડીલો, દરેક વયના માટે ઉત્સવ ઉજવણી માટે અલગ અલગ કારણો હોય છે. નાના બાળકો કલાસનું હોમવર્ક ભૂલી ધીંગા મસ્તીથી ઘરને, શેરીને, સોસાયટીને તોફાન કોલાહલથી ભરે છે તો વડીલો સ્નેહી સ્વજનોને તહેવારોની વિવિધ પ્રકારે શુભેચ્છા-લાગણી સાથે પોતાની શુભેચ્છા અર્પે છે. તો મધ્યમવયના માતા-પિતા પોતાના સમોવડીયાઓની સાથે ઉત્સવના અવનવા રંગોથી ઉજવી દિવસ યાદગાર બનાવે છે. આમ સમગ્રરીતે જીવનમાં આવતા અવનવા તહેવારો, અઢળક ઉત્સવો નાના મોટા સૌના હૃદય ઉત્સાહ, ઉમંગના રંગોથી મેઘધનુષ માહોલ સર્જે છે. જિંદગી રંગીન છે તો જ જિંદગી સંગીન છે.

- જય જ્ઞાતિમૈયા

# જન્મ અને મૃત્યુ– જીવનના અટલ સત્ય

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

જન્મ અને મૃત્યુ જીવનની ઘટમાળના આધારભૂત કેન્દ્ર છે. જેનો જન્મ છે તેનું મૃત્યુ નિશ્ચિત છે. ખરું જોઈએ તો જન્મનો સમય કાળ નક્કી હોય છે કે જીવ નવ માસ નવ દિવસે અવતરશે. આ અંદાજિત સમય ગાળો છે. પણ મૃત્યુનો સમય અનિશ્ચિત છે કારણ કે યમનું તેડું ક્યારે આવશે, કેમ આવશે તેની કોઈ જાણ કે અંદાજ પણ કરી શકાતું નથી. કોઈને જાણ થાય કે તેનું મૃત્યુ હવે નજીક છે તો તેના જીવનમાં પરિવર્તન થઈ જાય. જીવન જીવવામાં રસ ઊડી જાય. દરેક પળે, દરેક દરેક પ્રત્યે જોવાની દ્રષ્ટિ બદલાઈ જાય. રાગ, દ્વેષ, માન, અભિમાન, ઈચ્છા, આંકાક્ષા મટી જાય. જીવન દરમ્યાન જે કંઈ ખોટું કર્યું હોય તેનો અફસોસ થાય. જેની સાથે વેર ભાવ થયા હોય, મન ભેદ થયા હોય, ખટરાગ થયો હોય. તે વ્યક્તિઓને યાદ કરીને મનોમન તેની ક્ષમા માંગે.

પણ આ તો મૃત્યુની જાણ થાય એ વખતની હાલત વાત. પણ આપણે તો નફિકરાઈથી જીવનારા. આપણે તો એવી રીતે જીવીએ છીએ કે જાણે મૃત્યુ કદી આવવાનું નથી. મૃત્યુને નજર સમક્ષ રાખવું એનો અર્થ એવો નથી કે સતત ચિંતામાં જીવવું. જીવન મળ્યું છે એને આનંદ, મોજથી, નફિકરાઈથી માણવું જોઈએ. કોઈની ઈર્ષા, અદેખાઈ કર્યા વિના. સૌનું સારું, ભલું કરીને, પ્રેમ, દયા, કરૂણાનો ભાવ ધરાવીને જીવનનો આનંદ માણવો જોઈએ. દરેક જીવને પોતાના જેવો સમજે તો કોઈ દુ:ખ નથી. જીવવનું સૌને ગમે છે, મૃત્યુ કોઈને પસંદ નથી. અસ્તિત્વ એકમેક સાથે સંલગ્ન છે. જેટલું આપણે સારું કરીશું એટલુ આપણું સારું થશે.

મૃત્યુ અફર છે એ કોઈના રોકે રોકી શકાતું નથી. માણસ ગમે તેટલો બુધ્ધિશાળી હોય, ધનવાન હોય, કે સર્વશક્તિમાન હોય. જ્યારે મોત સામે આવીને ઊભું રહે છે. ત્યારે સર્વે કોઈ લાચાર બની જાય છે. કોઈ બચી શકતું નથી. બીમારીનો ઈલાજ નિષ્ણાત ડૉક્ટરો, મોંઘા ઉપચારો વિવિધ દવાઓને અનેક જાતના ઓપરેશનના પ્રયાસોથી કારગત કદાચ થઈ જશે. પણ યમની સવારી આપણી ઈચ્છા હોય કે ન હોય પાછી જવાની નથી. ધન દોલતનો ઢગલો કરી દો પણ ઉપરવાનું તેડું આવે ત્યારે ગયા વગર છૂટકો નથી. ઈચ્છા હોય કે ન હોય. શક્તિ-સામર્થ્ય કશું કામ આવશે નહીં એ હકીકત એ સત્ય સમજીને, જાણીને જીવન જીવવું જોઈએ. જન્મ અને મૃત્યુ એ જીવનના અટલ સત્ય છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના ઉપક્રમે લોનાવાલા ખાતે રાઈટ મેચ તથા યંગ બ્રિગેડનું ગેટ ટુ ગેધર યોજાયો



શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના ઉપક્રમે સગપણ સેતુ અને યંગ બ્રિગેડ ટીમ દ્વારા તા.૧૮ માર્ચ શુક્રવાર ધૂળેટીથી તા.૨૦ માર્ચ રવિવાર ૨ નાઈટ ૩ દિવસનો કાર્યક્રમ એજ ગ્રુપ ૧૮ થી ૩૨ વય સુધીના યુવક યુવતીઓ માટે સેરેનીટી રિસોર્ટ લોનાવાલા ખાતે યોજાયો.

હમ ઉમ્રના યંગસ્ટર યુવક, યુવતીઓ મોકળાશથી નિશ્ચિત પણે શાલીનતા અને સભ્યતાપૂર્વક પરિચય કેળવે, પોતાના અભ્યાસ, અનુભવ, હોળીની વાતો કરે, ધૂળેટીનો વસંતી તહેવાર, ગીત સંગીત અને વિવિધ ગેમ્સ દ્વારા માણે એ માહોલ સર્જી આગળ સગપણ સંબંધ સુધી પરિચય પહોંચે એ હેતુ આ કાર્યક્રમનો હતો અને અકલ્પનીય રીતે સફળ રહ્યો. કોરોના કાળ સમયે બે વર્ષ ઓનલાઈન રાઈટ મેચ ગેટટુગેધર યોજાયો હતો. જેમાં ૬૮ જેટલા સંબંધ જોડાયા હતા. સગપણ એ દરેક સમાજ માટે આજનો સળગતો પ્રશ્ન છે. જેના ઉકેલ માટે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના નેજા હેઠળ સગપણ સેતુ ટીમ સતત કાર્યશીલ છે.

ઉત્સવ અને હોલિડેના એડવાન્ટેજ ધ્યાનમાં રાખીને યંગસ્ટર્સને પસંદ પડે એ પ્રકારે આ રીસોર્ટ રાઈટ મેચનો કન્સેપ્ટ સૌને બધીજ રીતે પસંદ છે એટલે લોનાવલામાં આ બીજો કાર્યક્રમ અરેન્જ કર્યો છે. આ અગાઉના વર્ષે આ પ્રકારનો પ્રથમ કાર્યક્રમ માથેરાન મધ્યે યંગ બ્રિગેડ દ્વારા યોજાયો હતો. આ વિચાર કલ્પના સફળ થઈ છે એનો આયોજકોને આનંદ છે.

**પ્રથમ દિવસે** તા.૧૮ માર્ચ શુક્રવારે સૌ પોતપોતાની રીતે લોનાવલા પહોંચી ફોરસ્ટાર રીસોર્ટમાં ચેકઈન કર્યું હતું. પ્રારંભે સવારે ૮ કલાકે બ્રેક ફાસ્ટ લીધો હતો. ૧૦ થી ૧૧ દરમ્યાન ચેકઈન રજિસ્ટ્રેશન પ્રક્રિયા કરી હતી. ૧૧ થી ૨ કલાકે હોળી-ધૂળેટીનો રંગોત્સવ મનાવી આનંદ મોજ માણી હતી. લંચ લઈ ૪ વાગ્યા સુધી સૌ વિરામ કર્યો હતો.

બપોરે ૪ થી ૪.૩૦ લોન વિસ્તારમાં હાઈ ટી પાર્ટીનું આયોજન રખાયું હતું. ત્યારબાદ સગપણ સેતુના ઉમેદવારોની મીટ રખાઈ હતી ત્યારબાદ મુંબઈ મહાજનના પ્રમુખશ્રી નયનભાઈ ભેદા, ઉપપ્રમુખશ્રી વિરેન્દ્રભાઈ લોડાયા, સેક્રેટરી ચેતનભાઈ મોતા, ટ્રેઝરર રાજેશભાઈ છેડા તથા મુંબઈ મહાજનના ટીમ મેમ્બર જયેશભાઈ મોમાયા, મનોજભાઈ લોડાયા, કલ્પેશભાઈ



# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના ઉપક્રમે લોનાવાલા ખાતે રાઈટ મેચ તથા યંગ બ્રિગેડનું ગેટ ટુ ગેધર યોજાયો



મોમાયા, લોપાબેન નાગડા, ટીનાબેન ધરમશી, મનિષાબેન પોલડીયા, અલ્કાબેન ભેદા, મનિષાબેન લાલકા, જિનાલીબેન લોડાયા, કાર્તિકભાઈ મોમાયા, હેમિલભાઈ દંડ, રાહુલભાઈ મોતાની હાજરીમાં સગપણ સેતુની બુકનું વિમોચન કરાયું હતું. મૈત્રીભર્યા માહોલમાં સૌ મોકળાશપૂર્વક વાતચીત કરી એકબીજાના વિચારો વ્યક્ત કર્યા હતા. ૫.૩૦ થી ૭ કલાકે બીંગો મ્યુઝિકલ હાઉઝી રમાડાઈ હતી. સાંજે ૭.૩૦ કલાકે ટ્રેડીશન ડ્રેસકોડમાં રાસ-ગરબા સાથે મ્યુઝિકનો આનંદ માણ્યો હતો. ડીનરની લહેજત માણી ખુલ્લાં પ્રાંગણમાં રાતજી રેયાણ જમાવી હતી.

**બીજા દિવસે** તા.૧૯ માર્ચ શનિવારે સવારે ૯ વાગે ચા પાણી નાસ્તો લઈ અને ૧૧ વાગ્યે ગ્રુપ ગેમ અને વિવિધ પ્રકારની રમતો રમત લુત્ફ ઉઠાવ્યો હતો. ત્યારબાદ લંચ લઈ વિરામ સેશન પછી પુલપાર્ટી અને પુલ ગેમમાં પુલવેર ડ્રેસ કોડ જાળવી સહભાગી થયા હતા. ત્યારપછી થોડો વિરામ વીતાવી. ઉપપ્રમુખશ્રી કુમારભાઈ દંડ તથા સેક્રેટરી ચેતનભાઈ મોતાના બે બોલ સાથે આગામી કાર્યક્રમની પણ જાહેરાત કરાઈ હતી જે જાન્યુઆરી ૧૩, ૧૪, ૧૫ જાન્યુઆરીમાં ગુજરાતમાં યોજાશે. સાંજે ૭ પછી વેસ્ટર્ન વેર ડ્રેસ કોડ ફોલો કરી લાઈવ મ્યુઝિક સાથે ડાન્સ કરી તેમાં સૌ મશગુલ થઈ ડીનરની મોજ માણી હતી. મુંબઈ મહાજનના સેક્રેટરી ચેતનભાઈ મોતા જેઓ કીચન ક્રાફ્ટ નામે કેટરીંગ સર્વિસ ચલાવે છે તેઓએ સમગ્ર આયોજનમાં ટેસ્ટી, હેલ્ધી તેમજ જૈન ફૂડની વ્યવસ્થા કરી સૌને તૃપ્ત કર્યા હતા અને દીલખુશ કરી દીધા હતા. જમવામાં આમરસ સાથે વિવિધ પ્રકારની મિઠાઈ અને ફરસાણ પકવાન પીરસયા હતા. ધૂળેટીના રંગમાં ઠંડાઈની વ્યવસ્થા સૌની ગમી ગઈ હતી. રાત્રી ભોજન પછી ફરીથી સગપણ સેતુના ઉમેદવારોનો મેડાવો કર્યો હતો.

**અંતિમ ત્રીજા દિવસ** રવિવાર, તા.૨૦ માર્ચના સવારે અલ્પાહાર ચા-પાણી પછી ચેક આઉટ પ્રક્રિયાનો આરંભ કર્યો





# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના ઉપક્રમે લોનાવાલા ખાતે રાઈટ મેચ તથા યંગ બ્રિગેડનું ગેટ ટુ ગેધર યોજાયો



હતો. ૧૧ થી ૧ દરમ્યાન ફીડબેક મિટીંગ, વોટસ ઓફ થેન્કસ સેક્રેટરી જનરલ રાજુલબેન પટેલ અને ચેતનભાઈ મોતા દ્વારા લેવાયું હતું ત્યારબાદ લંચ રખાયું હતું. સૌએ પોતાના અભિપ્રાયો ખુલ્લા મનથી વ્યક્ત કર્યા હતા. સહભાગી થનાર ૨૫૦થી વધુ યંગસ્ટર્સ યુવક યુવતીઓ નવી ઓળખાણ, નવી મૈત્રી, નવો સંપર્ક કર્યો હતો. એકબીજાના સેલ નંબર પોતાના મોબાઈલમાં સેવ કર્યા હતા. ત્રણ દિવસની આ યુથ મીટ આનંદપૂર્વકના માહોલમાં સંપન્ન થઈ. સૌ પોતપોતાના સ્વસ્થાને સુખરૂપ પહોંચ્યા હતા. સમગ્ર આયોજનનું એન્કરીંગ ધારિણી પ્રતાપ મોતા રાયધણજર એ બખૂબીથી કર્યું હતું અને આયોજકો અને ઉપસ્થિત યંગસ્ટર્સ વચ્ચે સેતુરૂપ ભૂમિકા ભજવી હતી.



સમગ્ર આયોજનની જહેમત પૂર્વક વ્યવસ્થા સગપણ સેતુ (રાઈટ મેચ)ના કન્વીનર : અલકા ચેતન ભેદા તથા સગપણ સેતુના ટીમ મેમ્બર : મનિષા મિતેષ લાલકા અને જિનાલી નિરજ લોડાયા અને યંગ બ્રિગેડના કન્વીનર : કાર્તિક મોમાયા તથા ટીમ મેમ્બર રાહુલ મોતા, હેમીલ દંડ, મયુરી દંડ, શિવાની ગોસર, તરણ શાહ, નિશિતા મોતા, શ્રેયા મોમાયા,પ્રેરણા ધરમશી ડેલીકા મોમાયા, ધનિષ્ઠા ધરમશી, કેવલ લાલકા, કૃણાલ શાહ, જય ખોના, કિનલ શાહ, ધારિણી મોતા દ્વારા કરાઈ હતી.

**વધુ ફોટોઝ જોવા માટે નીચે આપેલ ગુગલ લીંક પર ક્લીક કરો**

https://drive.google.com/drive/folders/1nf0GEXQIoL8jIIzkcTmS0A_olKzKykNT



# લગ્નસંબંધી



શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ વિભાગને પ્રોત્સાહન આપવા માટે તથા જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળી રહે એ ઉદ્દેશથી આ કોલમ શરૂ કરેલ છે. જે આપને યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થશે. અગર જો આપની ઈચ્છા હોય તો નીચે આપેલા ફોર્મ ભરવાની કૃપા કરશો. જે અમે યોગ્ય સમય નિઃશુલ્ક પ્રકાશિત કરશું.

**ફોર્મ ભરવા માટે અહીં ક્લીક કરો**

**વધુ વિગત માટે સંપર્ક :**
**અલકા ભેદા-૯૮૨૧૧૭૯૭૯૬, જીનાલી લોડાયા-૯૮૯૨૧૮૯૦૮૫,**
**મનીષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪.**



**Name : Kaushik Navin Dharamshi**

**Vastipatrk No.: SUDH0306201**

**Date of Birth : 16st July. 1985**

**Birth Time : 6:23 pm**

**Height : 5.4**

**Weight : 78 KGS**

**Manglik : No**

**Present Stay : Bangalore**

**Birth Place : Gadag**

**Qualification : B.E(Information Science)**

**Native Place : Suthari**

**Occupation : Software Developer in IBM cloud research Labs**

**Blood Group : B+ve**

**E-Mail : kaushik.dharamshi@gmail.com**

**Contact : 9845498975**

**Parent's Contact : 9945155704**

**Marital status : Divorce**

**Gyatimaiya KDO Mahajan Code No. SM B/7**



**Name : Khona Tejasvi Jayesh**

**Vastipatrk No.: SUKN0900603**

**Date of Birth : 3rd June 1993**

**Birth Time : 06:30 am**

**Height : 166 cm**

**Weight : 69 KGS**

**Manglik : No**

**Present Stay : Banglore**

**Birth Place : Raichur**

**Other Details : Presently staying in banglore**

**Qualification : MBBS**

**Native Place : Suthri**

**Occupation : Doctor**

**Blood Group : B+**

**E-Mail : dr.tejasvikhona@gmail.com**

**Contact : 7975104913**

**Parent's Contact : 8891850146**

**Gyatimaiya KDO Mahajan Code No. SM G/5**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.



શ્રી ભલારા દાદા

કચ્છ રવા ગામે, પરમ પૂજનીય, આરાધ્ય, શ્રદ્ધેય

શ્રી ભલારાદાદાના નૂતન મંદિરે પુનઃ પ્રતિષ્ઠા

પ્રસંગે ત્રયાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવે

આયોજિત

# કંકુછાંટણા વિધિની ઝલકો

રવિવાર, તા. ૨૦.૦૩.૨૦૨૨



પાવન નિશ્રાઃ પ.પૂ.યતિવર્ય,
શ્રી મોતીસાગરજી મ.સા.

કંકુછાંટણા વિધિના લાભાર્થી પરિવાર

## માતુશ્રી પ્રેમાબાઇ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર (રવા)



શ્રી ભલારાદાદાના ભૂવાશ્રી
કિશોરભાઇ સાંયા (સુજાપર)

આયોજક

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, રવા



























પરમ પૂજનીય, આરાધ્ય, શ્રદ્ધેય

# શ્રી ભલારાદાદાના નૂતન મંદિરે પુનઃ પ્રતિષ્ઠા





## પ્રસંગે ત્રયાન્હિકા પ્રતિષ્ઠા મહોત્સવે

### શ્રી રવાવાસી ભાવિકો સહ નિયાણી બહેનો સહપરિવાર

**મહોત્સવ પ્રારંભ**
વિક્રમ સંવત ૨૦૭૮,
ચૈત્ર વદ-૩, મંગળવાર,
તા. ૧૯.૦૪.૨૦૨૨



સસ્નેહ આમંત્રણ

**પાવન પ્રતિષ્ઠા દિન**
વિક્રમ સંવત ૨૦૭૮,
ચૈત્ર વદ-૫, ગુરૂવાર,
તા. ૨૧.૦૪.૨૦૨૨

















**સ્થળ : શ્રી ભલારાદાદા દેવસ્થાનક – રવા**

આકારણી નં. ૧/૧૨૭, મુ. પો. રવા, તા. અબડાસા, જીલ્લો-કચ્છ, ગુજરાત

**આયોજક**

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન – રવા**

# हिंमते मर्दा तो मददे खुदा : દીપા ચીમનલાલ છેડા



જીવન વ્યવહારમાં દુઃખ, કષ્ટ, આપતિ અણધારી રીતે ત્રાટકે છે. આ આફતો સામે મક્કમ કરી લડવું પડે છે. સામનો કરવો પડે છે. આવી કપરી પરિસ્થિતિમાં હીંમત હાર્યે કંઈ થઈ ન શકે. સ્વસ્થચિત, મક્કમ મનોબળ અને પડશે તેવા દેવા દેવાશે ની નીતિ હિંમત અને બળ વપૂરું પાડી શકે છે. શિક્ષક તરીકે સ્થિર આવક ધરાવતા દીપા ચીમનલાલ છેડા ગામ-નલિયા, હાલ-તળેગાવ. કોરોના વાયરસના કપરા કાળમાં કઈ રીતે પોતાના સંસારની જીવન નૈયા મહામહેનતે કિનારે લાવી શક્યા એ જાણીને સૌ કોઈને એમાંથી પ્રેરણા મળી શકે છે. આવો જાણીએ તેમના મુખેથી, તેમની કલમે...

કોરોના કાળ પહેલા હું ઘરની નજીકની શાળામાં કામ કરતી હતી. આ સમય કાળમાં શાળા બંધ થવાથી મેનેજ કરવું મુશ્કેલ થતું ગયું અને નોકરી છુટી જવાથી હું ડિપ્રેશનમાંથી પસાર થઈ રહી હતી. આ સમય દરમિયાન જ્યારે બધુ જ બંધ હતું એ સમયમાં નવી નોકરી ગોતવી અશક્ય હતી અને નવું શું કરવું એ પણ એક પ્રશ્ન હતો.




એવા સમયએ ફેમિલી ફ્રેન્ડ તેમજ મારા પ્રેરણાદાયક શ્રીમતી સુરેખા સંજય શાહ, મને ચીખલી દેરાસરમાં મળ્યા હતા. તેઓ એક મોટી બહેન તરીકે મુશ્કેલ સમયમાં મારી સાથે ઉભા રહ્યા, જ્યારે મને ખરેખર ટેકાની જરૂર હતી. ત્યારે તેમના પરિવારે મને ટેકો આપ્યો પગભર થવા માટે ખૂબ હિંમત બંધાવી.

સુરેખા દીદીએ આવીને કહ્યું કે તમે કંઈક એવું કામ શરૂ કેમ નથી કરતા? જે તમે જાતે ઘરે શુધ્ધ અને સ્વાદિષ્ટ વ્યંજન બનાવી શકો? પતિ-પત્નીએ મને કહ્યું કે દુકાનદારને પાણીપુરીની પુરીઓ જોઈએ છે. લોકડાઉનને કારણે તે દુકાનદાર તેના વિતરક પાસેથી પુરીઓ મેળવી શકતા ન હતા. ઘણું વિચારીને સૌ પ્રથમ મેં પાણીપુરી પુરી બનાવવાનું શરૂ કર્યું. એકલા બનાવવું થોડું મુશ્કેલ હતું પરંતુ મેં તે કર્યું. રોજની ૭૦૦ થી ૮૦૦ પુરીઓ દુકાન ને પહોંચાડતી હતી. અચાનક દુકાનદારે મને ટિફિન બનાવવાની વિનંતી કરી. જે મેં બનવાનું શરૂ કર્યું. ધીમે ધીમે મને વધુ ટિફિનનો ઓર્ડર મળવા લાગ્યા. આ રીતે કોરોના કાળમાં નોકરી છુટી જવાથી હું ટિફીન સર્વિસ અને shah's સ્નેક્સ સેન્ટરના વ્યવસાયમાં આવી.

આ વ્યવસાયનો હજી તો શરૂઆત જ હતી એવામાં 'દુકાળમાં અધિક માસ' સમાન અચાનક મને સૂચના મળી કે મારે મારું ઘર ખાલી કરવું પડશે, કારણ કે ઘરનો માલિક ત્યાં શિફ્ટ થવા જઈ રહ્યા હતા અને ઓછા ભાડાનું મકાન મળવું મુશ્કેલ હતું. લાંબી શોધખોળ પછી મને તલેગાવમાં એક નાનો રો-હાઉસ ઓછા ભાડે મળ્યું. નવા વિસ્તારમાં જ્યાં એક પણ વ્યક્તિ મારી ઓળખતી ન હતા ત્યાં નવો વ્યવસાય શરૂ કરવું સરળ ન હતું, પણ મેં હાર ન માની. સમયાંતરે આસપાસના લોકો સાથે વાતચીત શરૂ કરી અને ત્યાંજ સ્થાયી થયા પછી મેં નાના પાયે ટિફિન સેવા અને એક કેફે શરૂ કર્યું. સોશ્યલ મિડિયા પર જાહેરાત શરૂ કરવાથી મારા ટિફિન સર્વિસની જાણકારી વધુને વધુ લોકો સુધી પહોંચી. કોરોના દરમિયાન મેં ક્વોરેન્ટાઇન લોકોને, હોસ્પિટલોમાં, ઘરેથી કામ કરતા અને પરિવારથી દૂર રહેતા લોકોને ઘરે બનેલ શુધ્ધ અને સ્વાદિષ્ટ ટિફિન સપ્લાય શરૂ કર્યું. જેથી લોકોએ ખૂબ જ ખુશ થઈ વધુ લોકો સુધી મારા સ્વાદિષ્ટ ભોજનનું પ્રચાર કર્યું. તે ઉપરાંત રેલવે પ્રવાસીને પણ ટિફિન કે થેપલા સર્વિસ આપી શકી.

ભવિષ્યમાં પણ મોટા પાયે કેટરિંગ સર્વિસ શરૂ કરવાની ઇચ્છા ધરાવું છું જેથી જેઓ આર્થિક પરિસ્થિતિથી ઝુઝતા હોય તે મારી સાથે જોડાઈ આત્મનિર્ભર બની શકે. મારા માટે મારા માતા-પિતાએ આપેલ શિક્ષા સદાયે સહાયરૂપ રહી છે પણ પરિવાર દૂર હોવાથી અને લોકડાઉનને કારણે મને પૂરતી મદદ કરી શકતા ન હતા પરંતુ મારા નવા પરિવાર દ્વારા મને ખૂબજ પ્રોત્સાહન અને સાથ સહકાર મળ્યો. આ એક માનવતાનું સચોટ ઉદાહરણ છે. હું આપણા સમાજને એક સંદેશ દેવા માગું છું કે, કોઈપણ કામ નાનું મોટું નથી હોતું આત્મવિશ્વાસ અને સ્વબળે અચાનક આવી પડેલ કોઈપણ પરિસ્થિતિનો સામનો હિંમતથી કરી શકીએ છીએ. વધુ વિગત માટે **સંપર્ક – ૮૮૫૦૨૧૯૭૪૯.**

# અચલગચ્છાધિપતિશ્રીનું માનવ મંદિર ખાતે પ.પૂ.શ્રી દિનેશચંદ્રજી મ.સા. સાથે મુલાકાત કરી



તા.૨૫ માર્ચ શુક્રવારના કચ્છ પ્રાંતના માંડવી તાલુકાના બિદડા ગામે માનવ મંદિરમાં અચલગચ્છાધિપતિ પ.પૂ. શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.નું માનવ મંદિર ખાતે પ.પૂ.શ્રી દિનેશચંદ્રજી મ.સા. સાથે મિલન થયું અને પૂજ્ય સાહેબ એ મુનિશ્રી દિનેશચંદ્રજીને માંગલિક શ્રવણ કરાવ્યું હતું.

# ૩૦મી માર્ચે માંડવી સંઘમાં 'સંયમ કેસરિયા' દીક્ષા મહોત્સવ



અચલગચ્છાધિપતિ, આ.ભ.ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની કૃપા, ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના આશિષ, કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની શુભ નિશ્રા એવમ હસ્તે બાડમેર (રાજસ્થાન) નિવાસી મુમુક્ષુ રત્ના કુ.કશ્મિાબેન માંગીલાલજી બોહરાની પ્રવજ્યાનો પુનિત પ્રસંગ નજીક આવી રહ્યો છે.

શનિવાર, તા.૨૬-૩-૨૨થી બુધવાર, તા.૩૦-૩-૨૨ના પંચાન્હિકા મહોત્સવ સહ દીક્ષાનું આયોજન માંડવી અચલગચ્છ જૈન સંઘના ઉપક્રમે થઈ રહ્યું છે.

પાંચે ગચ્છના શ્રાવક-શ્રાવિકાઓ આ દીક્ષા મહોત્સવ જેનું નામ અપાયું છે 'સંયમ કેસરિયા પર્વ' તેની તૈયારીમાં જોડાઈ ગયા છે. તૈયારી કુ. ઈન્દિરાબેન છેડાના માર્ગદર્શન હેઠળ થાય છે. અલગ મિટિંગો દ્વારા મહોત્સવના કાર્યક્રમની જાણકારી અપાઈ હતી. પાંચે ગચ્છના છ સંઘના પદાધિકારીઓ, પાંચે ગચ્છના ભાઈઓની તથા માંડવીના તમામ મહિલા મંડળની મિટિંગ મળી હતી.

કેસરિયા પર્વના પંચાન્હિકા મહોત્સવમાં તા.૨૬-૩ના સવારે પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા, બપોરે હલ્દી રસમ, તા.૨૭-૩ના સવારે ૯ કલાકે વર્તમાન અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. સહિત ગણિવર્યો, શ્રમણ-શ્રમણી ભગવંતોનું દાદાવાડીથી સામૈયું, બપોરે મહાકાલી માતાજીની ભાવના, સાંજે મુમુક્ષુની સાંજી થશે. તા.૨૮-૩ના સવારે ધવલ વેશને શુકન છાંટણા, બપોરે વિજય મુહૂર્તે વર્ધમાન શક્રસ્તવ મહાઅભિષેક, રાત્રે સાંસ્કૃતિક કાર્યક્રમમાં સસ્નેહી પ્યારા સંયમ કબ હી મિલેનો વિશિષ્ટ કાર્યક્રમ, તા.૨૯-૩ના સવારે વરસીદાનનો વરઘોડો, બપોરે બહુમાન, સાંજે વિદાય સમારંભ, તા.૩૦-૩ના સવારે શુભ મુહૂર્તે દીક્ષા વિધિ થશે.

મહોત્સવને દીપાવવા પ્રમુખ મયૂર શાહે પાંચે દિવસના પ્રોગ્રામની સંપૂર્ણ માહિતી આપીને દીક્ષા દરમ્યાન સૌએ સાથે મળીને ચાલવા માટે વિનંતી કરી હતી. બધાને વરઘોડા, સામૈયા તથા દીક્ષા દરમ્યાન પોતાના ધંધા રોજગાર અડધો દિવસ બંધ રાખવા વિનંતી કરી હતી. શ્રી ગૌતમ-ગુણ-ગુલાબ ઉપાશ્રયમાં પાંચે દિવસના કાર્યક્રમની તૈયારી ચાલે છે.

ચંદ્રેશ શાહ, વાડીલાલ દોશી, અરવિંદ ગાલા, પુનિત શાહ, મનસુખ શાહ, ભાવિન શાહ વિગેરે અગ્રણીઓએ સહયોગની ખાતરી ઉચ્ચારી હોવાનું જણાવાયું હતું.


**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રી ભલારાદાદા ટ્રસ્ટ તેરામાં શ્રી ભલારાદાદાની પેડી પ્રસાદનું આયોજન



શ્રી ભલારાદાદા ટ્રસ્ટ તેરા દ્વારા ચૈત્રી સુદ બીજ રવિવાર, તા.૩ એપ્રિલ ૨૦૨૨ના શ્રી ભલારાદાદાની પેડી પ્રસાદનું આયોજન કરાયેલ છે.

પેડીના લાભાર્થી શાહ ગોવિંદજી શામજી રતાણી તેરાવાળા હસ્તે દીપેશ સોમચંદ ખોના તરફથી છે. આ ભવ્ય ભાવનો લાભ લેવા પધારવાનું હાર્દિક આમંત્રણ ટ્રસ્ટ તરફથી અપાયેલ છે.

# શ્રી ગુણ પુણ્ય ગિરનાર કન્યા ૯૯ યાત્રામાં જોડાનારી કન્યાઓ જોગ સૂચનાઓ

પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ૬ની શુભનિશ્રામાં ગુણ પુણ્ય ગિરનાર કન્યા ૯૯ યાત્રા માટે ભવ્ય તૈયારીઓ થઈ છે અને આ યાત્રામાં જોડાનારી કન્યાઓનો ઉત્સાહ કાવ્યમય બાનીમાં નીચે મુજબ વ્યક્ત કરાયો છે.

નેમનાથ પરમાત્માની વરસી મીઠી મહેર/ભર ઉનાળે ૯૯ યાત્રા કરવા કન્યાઓ થઈ તૈયાર/તમારા સાહસને બિરદાવીએ છીએ વારંવાર/આપ સહુના શમણાંમાં રોજ દેખાતો ગઢ ગિરનાર/તમારું મન મોહતા હશે નેમનાથ દાદા મનોહર/૯૯ યાત્રા કરવાનો ઉત્સાહ હશે જોરદાર/સખીઓ સાથે યાત્રા કરવાનો આનંદ પૂરબહાર/તમને આપેલ ચણિયા ચોળી સહ વાઈટ ડ્રેસ પણ લાવશો શાનદાર.

તા.૯ એપ્રિલ શનિવારના સવારે ૯ કલાકે તળેટીથી સામૈયું થશે મંગલકાર/બપોરે ૨.૩૦ કલાકે તળેટીથી શિખર સુધીની ગઢ ગિરનારની ગૌરવ ગાથાનો જાણશું વિસ્તાર/બીજા પણ સૂચનો માટે તમારો વોટસઍપ જોતાં રહેશો બની ખબરદાર/તા.૧૦ એપ્રિલ રવિવારના સવારે ૧૦ કલાકે તળેટી તરફ કરશું પ્રસ્થાન/સમૂહ ચૈત્ય વંદન કરીને ૯૯ યાત્રાનો શુભારંભ કરી કરશું સ્વ કલ્યાણ.

ગિરનારની ગૌરવ ગાથા અમિતભાઈના સથવારે સાંભળીશું.

કન્યાઓ માટે વિશેષ સૂચના :

● તમને મળેલ ચણિયા ચોળી સીવીને લાવવી સાથે ૧ સફેદ ડ્રેસ, ચાર જોડી પહેરવાના કપડાં, હાથ રૂમાલ, નેપકીન, નાહવાનો ટુવાલ, ઓઢવા માટે શાલ, એક લોકવાળી બેગ લાવશો. મોબાઈલ એલાઉડ નથી. પરિવારજનો પણ એલાઉડ નથી. ● એક રૂમમાં છ કન્યાઓના સમાવેશ કરવામાં આવશે. તમે તમારા છ જણાનું ગ્રુપ બનાવીને વોટસઍપ કરશો તો સરળતા રહેશે. વોટસઍપ નં. મયૂર વિસરીયા ૯૮૫૦૦-૧૯૩૦૦ ● તમને ૧ યાત્રાબેગ, પાણીની બોટલ, કેપ અહીંથી આપવામાં આવશે. ● ધર્મશાળામાં તા.૯ એપ્રિલ ૨૦૨૨ શનિવારના પ્રવેશ છે. પરિવારજનોએ પોતાની સગવડ પોતાની રીતે કરવાની છે. ● સંઘપતિ પરિવારોને તા.૯ એપ્રિલ ૨૦૨૨ શનિવારથી રૂમ આપવામાં આવશે. સાફા, મુગટ, સંઘપતિ-સંઘ માતા બેચ ત્યાં જ આપવામાં આવશે. ● બાકીના અન્ય સૂચનો અને સમજ ત્યાં જ આપવામાં આવશે.

ગુણ પુણ્ય ગિરનાર કન્યા ૯૯ યાત્રા વરિષ્ઠ કમિટી સંપર્ક જયંતિલાલ નાગડા-૮૮૦૬૬૬૬૯૯૦

# ચાલો યાદ કરીએ ભાંડુપથી અગાસી તીર્થ છ'રિ પાલિત સંઘ ૨૦૨૧ને

તા.૨૦ માર્ચ રવિવાર શ્રી અનંતનાથજી જિનાલય મસ્જિદ બંદરે યુવામુનિ અને ઓજસ્વી પ્રવચનકાર પ.પૂ.શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના ૩૭ જન્મદિન નિમિત્તે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથ મહારાજ જૈન દેરાસરજી અને તેના સાધારણ ફંડો તથા શ્રી ક.દ.ઓ.જૈન સંઘ ભાંડુપના સંયુક્ત ઉપક્રમે ભાંડુપથી અગાસી પાંચ દિવસીય છ'રિ પાલિત યાત્રા સંઘ તા.૫ સપ્ટેમ્બરથી યોજાયેલ તેના મહત્વના સંકલિત અંશોનો ૧૩.૪૫ મિનીટનો વીડિયો રીલીઝ કરાયો છે. જે વીતી ગયેલ યાદોને પુનઃસ્મૃતમય કરશે એવી શ્રધ્ધા વ્યક્ત કરાય છે. જેની ઝલક યુટ્યૂબ લિંક https://youtu.be/aD8OspKMEG0 ઉપર માણી શકાશે.

# નગરસેવિકા નેહલ અમર શાહ-ખોના દ્વારા અન્નભોજન અને ગ્રોસરી કીટનું વિતરણ કરાયું




વડાલા વોર્ડ ક્રમાંક ૧૭૭ના નગરસેવિકા નેહલ અમર શાહ ખોના સાંધવ-દાદર દ્વારા દાદર, માટુંગા વિસ્તારના જરૂરિયાતમંદોને સમસ્ત મહાજનના બેનર હેઠળ પ્રોજેક્ટ ઈન્ચાર્જ ચેરમેન ટ્રસ્ટી પરેશભાઈ શાહના માર્ગદર્શન હેઠળ તા.૨૩ માર્ચ બુધવારના સળંગ ૩૯૩ મા દિને અન્નભોજનમાં રોટી, દૂધી, ચણાદાળનું શાક, ચોખા અને ગોળ અને ગ્રોસરી કીટનું વિતરણ કરાયું. લાભાર્થી કર્મઠ નગરસેવિકા નેહલબેન શાહ ખોના હતા.

# વિશ્વ જળ દિવસે પાણીનું મૂલ્ય સમજવાની સલાહ આપી પ્રબોધ મુનવરએ

સમસ્ત મહાજનના ટ્રસ્ટી અને માનવજ્યોત ભુજના પ્રમુખ પ્રબોધ હીરાચંદ મુનવર કોઠારા, વર્ધમાન નગર ભુજ એ વિશ્વ જળ દિન નિમિત્તે પાણીનું મૂલ્ય સમજવાની અમૂલ્ય સલાહ આપી હતી. જળ એ જીવન છે. આજે આપણે પાણીનો કેટલો વ્યય કરીએ છીએ તેના દુષ્પરિણામ આવનાર દિવસોમાં ભોગવવા પડશે. જળ સંકટ આપણા માથે તોળાયેલો છે. આ પરિસ્થિતિ માત્ર ભારતની નથી સમગ્ર વિશ્વની છે. તેની તાકીદથી ધ્યાન આપવું જોઈએ.

ઉનાળો શરૂ થતાં તેનો વપરાશ વધે છે. સાથો સાથ તેને મેળવવા દિવસે દિવસે પરેશાની વધતી જાય છે. આજે જ્યારે વિશ્વ જળ દિવસની ઉજવણી કરી રહ્યાં છીએ ત્યારે આપણે પાણીની એક એક બૂંદ બચાવવાનો પ્રણ લેવું જોઈએ. પાણીનો કરકસરથી ઉપયોગ કરવો જોઈએ. કારણે આવનારા દિવસોમાં જળ સંકટ વધુને વધુ આપણા માટે મુશ્કેલ ભરી પરિસ્થિતિ સર્જશે. આપણે પાણીનો વેડફાટ રોકવો જોઈએ. દિવસો દિવસે તાપમાનનો પારો ઉચ્ચાંક પર પહોંચી રહ્યો છે અને આપણા પાણી સંશોધનો ઓછા પડી રહ્યાં છે. ભૂર્ગળ જળ પર એટલી તાણ પડી છે કે તે પણ ઊંડા ઉતરી ગયા છે. આવનારા સંકટના દિવસો કેવી રીતે કાઢવા એ મોટો પ્રશ્ન થઈ પડશે. આ પ્રશ્ન વિકરાળ સ્વરૂપ ધારણ ન કરે એ માટે સૌ એ સજાગ રહી પાણી બચાવ માટે તાત્કાલિક ધોરણે પગલાં ઉઠાવવા પડશે નહીં તો પાણી સુલભતાથી મળશે નહીં.

પાણીની બોટલ રૂા.૨૦માં મળે છે જે હવે પછીના સમય કાલમાં રૂા.૨૦૦માં નહી મળે એ માટે સૌએ પાણીનો કેમ બચાવ કરી શકાય એ માટે વિચારવું પડશે. જળ એ જ જીવન આ મંત્રને આત્મસાત કરી પાણી બચાવવા માટેના ઉપાયો સૌ મળીને કરવા પડશે.

પ્રબોધ મુનવર દ્વારા કહેવાયેલો આ સમાજલક્ષી ૨.૦૫ મિનિટનો યુટ્યૂબ વીડિયો લીંક https://youtu.be/v_MSvi4G2fY ઉપર જોઈ જાણી શકાશે અને જળ બચાવ વિષે મહત્વનો મેસેજ સાંભળી શકાશે.

# આઈપીએસ તરીકે નોમિનેટ પામ્યા પન્નાબેન એન. મોમાયા



કચ્છ તેરા હાલે સુરતના ડેપ્યુટી કમિશનર પન્નાબેન એન. મોમાયા ભારતીય પોલીસ સેવા IPS ઈન્ડિયન પોલીસ સર્વીસ માટે નોમિનેટ થયા છે. M.Com, LLB, પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન હ્યુમન રાઈટસ ડિગ્રી પ્રાપ્ત પન્નાબેન મોમાયા ગુજરાત લોબીમાંથી IPS અધિકારી તરીકે નોમિનેટ થનાર છ અધિકારીઓ પૈકીના એક ભાગ્યશાળી છે.

વર્ષ ૨૦૧૮માં નલિયા ખાતે યોજાયેલ ચતુર્થ જ્ઞાતિ સંમેલનમાં શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન દ્વારા જ્ઞાતિ રત્ન એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

આ ગૌરવ માન મેળવવા બદલ હાર્દિક અભિનંદન સાથે દેશ સેવામાં જ્ઞાતિનું નામ રોશન કરે એ શુભેચ્છા.

# પરપીડાને સ્વપીડા સમજનાર બે સંજીવની રજત પેટ્રન બનનાર દાતાઓને ભાવપૂર્વક નમન

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**



## શ્રીમતી નીલમબેન નરેન્દ્રભાઇ લાલકા

(NEW YORK)

**સંજીવની રજત પેટ્રન Rs. 25,000**

ગોસ્વામી તુલસીદાસજીએ રામચરિત માનસ ગ્રંથના ઉત્તરકાંડમાં લખ્યું છે કે **પર હિત સરિસ ધર્મ નાહી ભાઈ પર પીડા સમ નાહી અધમાઈ.** અન્યની પીડાને પોતાની સમજી પરોપકાર કરનાર મનુષ્ય મહાન માનવ છે એવું પ્રતિપાદન કર્યું છે. અન્યની ભલાઈ કરવા જેવો મોટો મહાન કોઈ ધર્મ નથી અને બીજાને દુ:ખ પહોંચાડવા જેવી કોઈ નીચતા-અધમતા નથી. આ જ્ઞાન સૂત્રને સાર્થક કરતાં અને પોતાના નામને ગુપ્ત રાખનાર અનામી દાતા-એક સદ્ગૃહસ્થ એ રૂા.૨૫ હજાર અને શ્રીમતી નીલમબેન નરેન્દ્ર લાલકા ન્યૂર્યોકએ પણ રૂા.૨૫ હજારનું ઉદાર દાન નોંધાવી. સમસ્ત મહાજનની મેડિકલ સમિતિની સંજીવની યોજનામાં રજન પેટ્રન તરીકે જોડાયા છે અને યાદીને વિસ્તૃત કરી છે. બંન્ને દાતાઓના માનવતા ભાવને ભાવપૂર્વક નમન કરી અનુમોદના કરીએ છીએ.

# શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

## મેડિકલ સમિતિ - કેડીઓ સંજીવની

KDO

KDO SANJIVANI

પરોપકારનો અર્થ છે બીજાઓની ભલાઇ કરવી.
મનુષ્યનો ધર્મ છે કે તે નાત-જાત, પારકા કે પરાયા ના જોઇ બીજાનું ભલું કરવુ.
બીજાઓ માટે વ્યક્તિ કેટલું જીવી જાણ્યો એનાથી જીવનની શ્રેષ્ઠતાનો ખ્યાલ આવે છે.
અન્યોની મદદ માટે કરેલા અથાગ પ્રયત્નોથી જ વ્યક્તિની દિવ્યતા પ્રગટ થાય છે.

**આ સત્યને સાર્થક કરતા જ્ઞાતિના મહાનુભાવ...**

# એક સદ્‌ગૃહસ્થ

**સંજીવની રજત પેટ્રન** **Rs. 25,000**

## પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા.ના સંયમ જીવનના ૧૫ વર્ષ પૂર્ણ થયા



વિ.સં. ૨૦૬૩ ફાગણ વદ ૭ તિથિ દિને કુવાપધ્ધર ગામના માતુશ્રી વિમલાબાઈ શાંતિલાલ મોતાની કોડિલી કન્યા રત્ન સંયમ પથના ભાવસેવી ભારત નગર ગાંધીધામમાં અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી. ગુરૂ પ.પૂ.સાધ્વીશ્રી યશોદયશ્રીજી મ.સા.ના શિષ્યા બની પ.પૂ.સાધ્વીશ્રી સંસ્કારનિધિશ્રીજી મ.સા.નું નૂતન નામ પામ્યા.

વિક્રમ સંવત ૨૦૭૮ ફાગણ વદ ૭ તિથિ તા.૨૪ માર્ચ ૨૦૨૨ ગુરૂવારના પૂજ્ય સાહેબએ સંયમ જીવનના ૧૫ વર્ષ પૂર્ણ કરી. શુકનવંતા સોળ વર્ષમાં પગલાં કર્યા છે. તેઓશ્રીનો સંયમ પ્રવાસ તપ, ધ્યાન અને ધર્મભાવથી હર્યો ભર્યો સુખ શાતા ભર્યો રહે એ મંગલ કામના સાથે વંદના... વંદના... વંદના...

---

## ભાંડુપ સંઘમાં ગણિવર્યોની નિશ્રામાં નાણ ઉચ્ચારણ વિધિ સાથે વર્ધમાન તપોનિધિ પ.પૂ.શ્રી હીંકારસાગરજી મ.સા.ની સ્મૃતિમાં ગુણાનુવાદ સભા યોજાઈ

તા.૨૫ માર્ચ શુક્રવારના રોજે વરસીતપના શરૂઆત કરનાર તપસ્વીઓ માટે શ્રી અખિલ ભારત અચલગચ્છવિધિપક્ષ શ્વેતાંબર જૈન સંઘના ઉપક્રમે તથા ભાંડુપ કવિઓ અચલગચ્છ જૈન સંઘના સહયોગથી ભાંડુપમાં પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા. તથા પ.પૂ.ગણિવર્ય શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ની નિશ્રામાં નાણ ઉચ્ચારણ વિધિ થઈ.

વર્ધમાન તપોનિધિ પ.પૂ.શ્રી હીંકારસાગરજી મ.સા.ની પુનિત સ્મૃતિમાં ગુણાનુવાદ સભા વર્ષીતપ પ્રારંભ નામ વિધિ બાદ સવારે ૧૦.૩૦ કલાકે થઈ. તપ મનોરથના સારથી પ.પૂ.મુનિશ્રીની ૧૦૦મી ઓળીના ૭૫મા દિવસે ભાંડુપ સંઘમાં ૧૨૫ આયંબિલ થયા.

આ કાર્યક્રમનો ૩.૨૨ મિનીટનો યુટ્યૂબ વીડિયો યુટ્યૂબ લિંક https://youtu.be/_MKsoXcwgnA પર ક્લિક કરી તેનો લાભ માણી શકાશે.

---

## સાંયરા મહાજન દ્વારા રતિલાલ ધ્રોળને સાંયરા રત્ન ખિતાબ




અબડાસા પ્રાંતના સાંયરા ગામના શ્રી ક.દ.ઓ.સાંયરા જૈન મહાજન અને સાંયરા વિકાસ મંડળ દ્વારા સાંયરા ગામના સપૂત અને કર્મઠ કાર્યકર રતિલાલભાઈ દામજી સાંયરા રત્નના ખિતાબથી નવાજવામાં આવ્યા. સાંયરાના મૂકસેવક સેવા રતિલાલભાઈ એ સાંયરા આદિનાથ પ્રભુજીની પુજાની સળંગ ૨૦૦ પૂનમ કરી છે. તે સાંયરા ગામના વિકાસ માટે સદૈવ તત્પર રહ્યાં છે. આમ મહાજન અને વિકાસ મંડળએ તેમના સેવાકાર્યને બિરદાવ્યું હતું.

સાંયરા જૈન મહાજનના મોવડી મધુકરભાઈ ઝવેરચંદ અને સાંયરા વિકાસ મંડળના ભદ્રેશભાઈ મૂળજી પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ કાર્યક્રમમાં શાંતિલાલ લોડાયા, પ્રદીપભાઈ લોડાયા, જયેશભાઈ મોમાયા, હરીશભાઈ જે. લોડાયા, ચંદ્રકાંતભાઈ ખોનાના વરદહસ્તે સાંયરા રત્ન ખિતાબ અર્પણ કરાયો હતો. સેવાભાવી રતિલાલભાઈની શોભાયાત્રા વાજતે ગાજતે સાંયરા ગામના મુખ્ય માર્ગો ઉપર નીકળી હતી. જેમાં ગામના મોવડી અગ્રણીઓ, સરપંચ તથા પંચાયતના સભ્યો, કેડીઓ મહાસમિતિના રાજુલબેન પટેલ, રાજેશભાઈ મોમાયા, પ્રબોધ હીરાચંદ મુનવર, શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપના ઉપાધ્યક્ષ ગોવિંદભાઈ પટેલ, બિપિનભાઈ મોમાયા વિગેરે જોડાયા હતા. કાર્યક્રમનું સંચાલન રાજુલબેન પટેલએ કર્યું હતું.

# ગણિવર્ય શ્રી અને ગુરૂદેવના જન્મ દિવસ નિમિત્તે શ્રી અનંતનાથ જિનાલય મસ્જિદ બંદર ગુરૂ તત્વ સંવેદનાનો વિશેષ કાર્યક્રમ થયો





તા.૨૦ માર્ચ રવિવારના સવારે ૯ થી ૧ કલાકે પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મરત્નસાગરજી મ.સા.નો ૬૩મો જન્મદિવસ અને યુવા પ્રવચનકાર પ.પૂ.મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.ના ૩૭મા જન્મદિવસ સવારે શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ, શ્રી અનંતનાથજી ટ્રસ્ટ અને શ્રી ક.દ.ઓ.જૈન મસ્જિદ બંદર સંઘના ઉપક્રમે ગુરૂ તત્વ સંવેદના નામથી વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સંઘના નાના બાળક બાલિકાઓએ કાવ્યાત્મક બોલ, વાણી વિચાર અને અભિનયથી ગુરૂ પ્રત્યેની ભક્તિ વ્યક્ત કરી હતી અને નિરંતર ગુરૂઆશીષ મળતી રહે એ કામના વ્યક્ત કરી હતી.

૪.૦૩ કલાકેનો યુટ્યૂબ વીડિયો લિંક https://youtu.be/TGvrHt2kUsw ઉપર ઘેરબેઠા જોઈ, માણી ગુરૂપ્રેમમાં તરબોળ અને ગુરૂ ભક્તિમાં રમમાણ થઈ શકાશે.

મહાજન અને ટ્રસ્ટના મોવડીઓ આ પ્રસંગે પોતાના મનોગત વ્યક્ત કર્યા હતા અને ગુરૂદેવએ વાણી વ્યાખ્યાન દ્વારા આ પ્રસંગે ઉપસ્થિત બહોળી સંખ્યામાં ગુરૂભક્તોને લાભ પ્રદાન કર્યો હતો.

# શ્રી ભલારાદાદા લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ



તા.૧૬ એપ્રિલ શનિવાર ચૈત્ર સુદ પુનમ દિને હાલાર પ્રાંતના જામનગર પ્રદેશના લાલપુર ગામે શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુરના આયોજનથી શ્રી ભલારાદાદાના સ્થાનકે સવારે ૯ થી ૧ કલાક સુધી ધ્વજા મહોત્સવનું આયોજન કરાયેલ છે.

શ્રી ભલારાદાદાની પૂજા, પક્ષાલ આરતી અને ભક્તિભાવના સહધર્મ આરાધનો થઈ નૂતન ધ્વજાનું આરોહણ કરાશે. ભોજન પ્રસાદી બપોરે ૧૨ થી ૨ સુધી. આ ભવ્ય પ્રસંગે દર્શન પ્રસાદનો લાભ સહપરિવાર લેવાનું સસ્નેહ નિમંત્રણ શ્રી ભલારાદાદા ટ્રસ્ટ લાલપુર દ્વારા અપાયું છે.

# શ્રી ક.દ.ઓ.જૈન શ્વેતાંબર દેરાસર ટ્રસ્ટ ચાલીસગામ આયંબિલ આરાધના ભક્તિ આરાધનાના લાભાર્થી

ખાનદેશ રત્ના શ્રી ચાલીસગામ તીર્થોધ્ધારિકા પ.પૂ.સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પ્રેરણાથી શ્રી ચાલીસગામ સંઘમાં કાયમી આયંબિલ આરાધના શરૂ છે. લાભ લેનાર લાભાર્થી રૂા.૪,૪૦,૦૦૦ માતુશ્રી કસ્તુરબાઈ ગોવિંદજી લાલકા પરિવાર પરજાઉના આત્મા શ્રેયાર્થે જ્યારે રૂા.૫૦૦/- આપી લાભ લેનાર ૧) શીવજી શામજી રતાણી પરિવાર તેરા-ચાલીસગામ ૨) મધુબાલા મણિકાંત પોલડિયા, બાયઠ-ચાલીસગામ અને ૩) અંજનાબેન ભરત લોડાયા પરિવાર, નાની ખાવડી-ચાલીસગામ. સંપર્ક હેમંત ગુલાબભાઈ નાગડા મેતાજી-૭૭૫૭૦૦૮૦૮૨

## ફોર્મર કોર્પોરેટ નેહલ શાહ દ્વારા નિઃશુલ્ક હાર્ટ ચેકઅપ કેમ્પનું આયોજન



એફ નોર્થ ઝોનના વડાલા વોર્ડ ક્રમાંક ૧૭૭ના ભૂતપૂર્વ નગરસેવિકા નેહલ અમર શાહ ખોના સાંધવ-દાદરની પહેલથી ફ્રી હાર્ટ ચેકઅપ કેમ્પ તા.૨ એપ્રિલ શનિવાર તા.૩ એપ્રિલ રવિવારના સવારે ૯ થી ૫ દરમ્યાન લાયન તારાચંદ બાપા હોસ્પિટલ જૈન સોસાયટી, સાયન (ઈસ્ટ), મુંબઈ-૨૨ મધે આયોજન કરાયું છે.

આ કેમ્પમાં ફ્રી બ્લડ ટેસ્ટ (હાર્ટ રીલેટેડ) સાથે જરૂર હશે તો ફ્રી સ્ટ્રેસ ટેસ્ટ, ફ્રી ઈસીજી ટેસ્ટ (જરૂરી પડે તો ફ્રી ૨ ડી ઈકો ટેસ્ટ અને જરૂરત પડે તો એન્જીયોગ્રાફી માત્ર રૂ.૭૦૦૦માં કરી અપાશે.)

રજીસ્ટ્રેશન ૨૫ માર્ચથી ૨૯ માર્ચ સમય ૧૦.૩૦ થી ૬.૩૦ સાંજ સુધી નેહલ શાહ સેવાલય 323 F ભગત ભવન ડૉ. બાબાસાહેબ આંબેડકર રોડ, લાયન્સ ક્લિનિક પાછળ માટુંગા (ઈસ્ટ), મુંબઈ-૧૯માં કરાવી લેવું.

---

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં ક્લીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ ક્લીક કરીને આ ફોર્મ ભરે**

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj The taste of tradition

KDO BUSINESS

KDO SANJIVANI

80G સર્ટિફીકેટ

## C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO દિવ્યાંગ

स्वाभिमान

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

| | | |
|---|---|---|
| Type of Account | : | Saving |
| ccount Number | : | 002001005497 |
| Name of the Bank | : | Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : | Mulund (West) Mumbal - 400 080. |
| Name Account | : | Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | | |
| Our IFSC Code | : | ICIC00ARIHT |

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂની'

● કચ્છ યુનિવર્સિટી ઈન્ટર કોલેજ ફૂટબોલ ટુર્નામેન્ટમાં છ ટીમોએ ભાગ લીધો હતો. ફાઈનલ રાઉન્ડમાં આદિપુરની તોલાણી ઈન્સ્ટીટ્યૂટ ઓફ કોમર્સ કોલેજની ટીમ વિજેતા બની હતી. ગાંધીધામના ગોપાલ સ્ટેડીયમ ખાતે યોજાયેલ ટુર્નામેન્ટની વિજેતા ટીમ ફૂટબોલ ટુર્નામેન્ટમાં સાતમી વાર વિજેતા થઈ છે. કોલેજના આચાર્ય ડૉ.અર્ચના કેલા અને રમત ગમત સમિતિ, સ્ટાફ ગણે ટીમના ખેલાડીઓને બિરદાવ્યા હતા. ટીમે ડૉ. નવનીત જાદવ પાસેથી તાલીમ લીધી હતી.

● ચેન્નઈ સ્થિત કેમિકલના કચ્છી વેપારી કૌશિક પાલિચા ઉદ્યોગો અને શહેરોની મ્યુનિસિપાલટી દ્વારા ઠાલવવામાં આવતા કચરામાંથી ઊર્જાનું ઉત્પાદન કરવાની ટેકનોલોજી વિકસાવી રહ્યાંછે. જેમાં કોઈ અંશ રહી જાય નહીં. કચરામાંથી ઊર્જા ઉત્પન્ન કરવાના બે પ્લાન્ટ ગુજરાત અને તામિલનાડુમાં સ્થાપવા માટે રૂા.૧૫ હજાર કરોડનું રોકાણ કરશે. પાલિચા પરિવારના વડીલોએ ૧૯૦૦ વર્ષમાં કચ્છથી કેરળના એલેપ્પીમાં સ્થળાંતર કર્યું હતું. ત્યારબાદ વર્ષ ૧૯૫૦માં તેઓ ચેન્નાઈ ગયા હતા. જ્યાં તેમણે વર્ષ ૧૯૬૫માં કેમિકલનો ધંધો શરૂ કર્યો હતો. જાપાનની કંપની શિન્જી કાટો સાથે વડોદરામાં સ્પેશિયાલિટી પ્લાસ્ટિક કોમ્પોનન્ટસના ઉત્પાદન માટે સંયુક્ત સાહસ કર્યું હતું.

● પાણીના બચાવ અને વપરાશ ક્ષેત્રે અબડાસા તાલુકાના નાનકડા એવા કનકપર ગામે કરેલી કામગીરીથી ભારત સરકારના જલ મંત્રાલયે કદર કરીને પશ્ચિમ ઝોનનો બીજો રાષ્ટ્રીય જલ પુરસ્કાર જાહેર કર્યો છે. કેન્દ્રીય જલ શક્તિ વિભાગના મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતે રાષ્ટ્રીય જળ પુરસ્કારોની ઘોષણા કરી હતી. કનકપર ગામે વરસાદી પાણીના સંગ્રહ કરવામાં મોટી કામગીરી કરી છે અને તમામ ઘરોમાં વરસાદી પાણીનો સંગ્રહ થઈ શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. મહિનાઓ સુધી પાણી ચાલી શકે તેવું આયોજન પીવાના પાણી માટે કરવામાં આવ્યું છે. ગામની પાણી યોજના મારફતે પાણીનું વિતરણ મીટર પધ્ધતિથી કરવામાં આવે છે. પાણી સંગ્રહ ક્ષેત્રે તળાવ વગેરેની પણ વ્યવસ્થા કરાઈ છે. પેવ જળ ઉપરાંત ખેતીવાડી ક્ષેત્રે પણ આ એક એવું ગામ છે જ્યાં સો ટકા ખેત પેદાશ ટપક પધ્ધતિથી કરવામાં આવે છે. ટપક પધ્ધતિથી ખેતીમાં અને તેમાંય બાગયત ખેતીને મોટી સફળતા મળી છે. આ ગામના દાડમ, તડબૂચ, બોર, પપૈયા જેવા ફળોની પેદાશ છેક દિલ્હી સુધી પહોંચે છે. આમ ઓછા પાણીમાં ખેતી કરીને કનકપર ગામના ખેડૂતો સમૃધ્ધ બન્યા છે.

● અબડાસાના મોથાળા ગામે ચૂંટાયેલા ગ્રામ પંચાયતના સરપંચ તથા તેના સભ્યોને શપથ લેવડાવતાં વિધાનસભા અધ્યક્ષા ડૉ.નીમાબેન આચાર્યએ સમારોહના અધ્યક્ષ સ્થાનેથી કહ્યું હતું કે એક નાનકડા ગામડાના જનપ્રતિનિધિઓ અને સુકાનીએ શપથ વિધિ કરી હોય એવી આ પ્રથમ ઘટના છે. ગામના વિકાસના કામો સંકલ્પ સાથે પૂરા કરવાનો આ નવતર અવસર અને વિચાર આવ્યો તે અભિનંદનને પાત્ર છે. ગામના ચૂંટાયેલા સરપંચ વિવેક કિશોરભાઈ ડાભી એક ધારાશાસ્ત્રી છે. શિક્ષિત વ્યક્તિની પસંદગી કરીને મોથાળા ગામે મોટું કામ કર્યું છે.

● કંડલાના દીનદયાળ મહાબંદર ગતવર્ષની તુલનાએ એક મહિના અગાઉ ૧૦૦ મિલિયન મેટ્રિક ટન માલની હેરફેરનો આંકડો પાર કરી સરકારી બંદરોમાં ફરી અવલ ક્રમ તરફ પ્રયાણ કર્યું છે. વિવિધ માલ સામાનની આયાત વધતાં આ સિધ્ધિ મેળવાઈ છે. ગત વરસે ૧૦૦ મિલિયન મેટ્રિક ટન સિધ્ધિ ઠેઠ ૯મી ફેબ્રુઆરીના મેળવી હતી. જે આ વર્ષે ૨૦૨૧-૨૨માં ચાર સપ્તાહ પહેલાં જ આ સિધ્ધિ મેળવી પ્રથમ સરકારી મહાબંદર બન્યું છે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
Karani
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA